**ફિક્સ પગારના કર્મચારીઓ માટે 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજના કાર્યાન્વિત કરવા અંગે.**

ગુજરાત રાજ્ય
નાણાવિભાગ
ઠરાવ ક્રમાંકઃ ખરચ/૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૨૨/૧૨/૨૦૧૬

<u>વંચાણે લીધા</u> :-

(૧) ના.વિ.નો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) ના.વિ.નો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)/ઝ.૧
(૩) ના.વિ.નો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૩)/ઝ.૧
(૪) આ. અને પ.ક.વિ.નો તા.૧૮/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૫) આ. અને પ.ક.વિ.નો તા.૧૩/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૬) આ. અને પ.ક.વિ.નો તા.૨૬/૦૩/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

<u>આમુખઃ-</u>

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૧) સામે દર્શાવેલ ઠરાવથી રાજ્ય સરકારની કચેરીઓમાં સીધી ભરતીની નિમણૂકો ફિક્સ પગારથી કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક-(૨) સામે દર્શાવેલ ઠરાવથી દર્શાવ્યા મુજબ નિયમિત ભરતીથી નિમાયેલ ફિક્સ પગારના કર્મચારીના કિસ્સામાં તબીબી સારવારના લાભો માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજનાની શરૂઆત કરવા માટેની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

ઉકત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર ધ્વારા નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની નીતિ હેઠળ નિયમિત ભરતી પધ્ધતિથી નિમણૂક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓ તેમજ તેમના પરિવારની આરોગ્ય વિષયક સેવાઓ માટે 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજના હેઠળ તબીબી સારવારના લાભો આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

સદરહું યોજના માટે નીચે મુજબની પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) નિયમિત ભરતી પધ્ધતિથી નિમાયેલ ફિક્સ પગારના કર્મચારીઓને તેઓના ફિક્સ પગારની સેવાઓના સમયગાળા દરમ્યાન જ સબંધિત કર્મચારી તેમજ તેમના પરિવારને આ યોજનાનો લાભ 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ મળી શકશે.
(૨) આ યોજનાના અમલીકરણને લગતી તમામ વહીવટી કામગીરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે કરવાની રહેશે.
(૩) આ યોજનાના અમલીકરણ અંગેની અન્ય વિગતો અને શરતો સંદર્ભે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જરૂર જણાયે ઠરાવ બહાર પાડવાનો રહેશે.
(૪) આ યોજનાનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે. તેમજ આ અંગે જરૂરી ભંડોળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા ઉભું કરવાનું રહેશે તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આ બાબતે વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં નવી બાબત રજુ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. બી. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ.